રાજ્ય સરકારના બિનસરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફિક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓને માંદગી અને ખાસ રજાઓ બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : **ED/KWR/e-file/3/2025/0338/KH**

સચિવાલય, ગાંધીનગર,

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણમાં લીધા :-**

1. નાણાં વિભાગનો તારીખ: ૧૬/૦૨/૨૦૦૬.નો ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
2. શિક્ષણ વિભાગનો તારીખ:૨૫/૦૮/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક-એનજીસી-૧૧૦૪-૧૬૫૭-ખ
3. નાણા વિભાગનો તારીખ:- ૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧
4. નાણા વિભાગનો તારીખ:- ૧૨/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧
5. નાણા વિભાગનો તારીખ:- ૦૬/૦૧/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:FD/ZUD/e-file/4/2023/3483/Z1(Economy)
6. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણનો તા.૨૬/૧૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક પત્ર ક્રમાંક:કવટ/આઈએસસી-૫/૨૦૨૪/ 12731

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂંકો ફીક્સ પગારના અજમાયશી કર્મચારી તરીકે કરવાની યોજના અમલમાં છે. વંચાણે લીધા ક્રમાંક (૨)ના ઠરાવથી રાજ્યના બિન-સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપકોની ખાલી જગ્યાઓ ભરવા "અધ્યાપક સહાયક" નામાભિધાન સાથે શરતોને આધિન ભરતી કરવા ઠરાવેલ છે. વંચાણે લીધેલ (3) ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂક આપેલ કર્મચારીનોની સેવાની શરતો અને બોલીઓ નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫)ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંક પામેલ કર્મચરીઓને મળવાપાત્ર ખાસ રજા મંજુર કરવા બાબતે ઠરાવેલ છે. વંચાણે લીધેલ (૬)ના પત્રથી બિન-સરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફીક્સ પગારનાં કર્મચારીઓને ખાસ રજા અને માંદગી રજા બાબતે જરૂરી વિચારણા કરવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફિક્સ પગારનાં કર્મચારીઓ માટે માદંગીની રજા અને ખાસ રજા સબબ આથી નીચે મુજબની ઠરાવવામાં આવે છે.

(૧) નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ અને તા.૦૬/૦૧/૨૦૨૪ ના ઠરાવથી સરકારી કર્મચારીઓ માટે નિયત કરવામાં આવેલ માંદગી રજાની જોગવાઈ મુજબ "કર્મચારીની પોતાની અથવા કુટુંબના સભ્યોની બિમારી કે અકસ્માતના કારણે થયેલ ગંભીર ઈજાના સંજોગોમાં વર્ષ દરમિયાન માદંગીના હેતુ માટેની રજાઓ પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦ રજાઓ નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળવાપાત્ર થશે". આ ઉપરાંતની માદંગીની રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે. ફિક્સ પગારના સમયગાળા દરમ્યાન એકઠી થયેલ માંદગી અંગેની રજાઓ નિયમિત

નિમણુંક બાદ આગળ લઇ જઈ શકાશે.

(૨) રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા વેકેશનલ કર્મચારીઓને ખાસ રજા મળવાપાત્ર થશે નહી, પરંતુ નોન-વેકેશનલ બિન સરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવની જોગવાઈ મુજબ ૧૫ ખાસ રજાઓ મળવાપાત્ર થશે. તેમજ પછીના વર્ષમાં આગળ ખેંચી શકાશે પરંતુ આવી રજાઓ ૩૦ થી વધુ જમા થઈ શકશે નહીં. ખાસ રજાઓ નિયમિત નિમણૂંક બાદ આગળ લઇ જઈ શકાશે નહી.

ઉક્ત ઠરાવ નાણા વિભાગ મારફત સરકારશ્રીની તા.૦૧/૦૮/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આપનો વિશ્વાસુ,

**e-sign/-**

**(અજય કે. બામણિયા)**

**સેક્શન અધિકારી**

**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર
2. માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર
3. માન. રાજ્ય કક્ષા મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
4. અ.મુ.સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. અગ્રસચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
7. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
8. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
9. સિલેક્ટ ફાઈલ

gnature Not Verified
ned by: AJAY BAMANIYA
ction Officer InCharge
e:2025.08.07
00:23 +5:30